**નવી સેવા વર્ષ–૨૦૧૩–૧૪.**
હોમગાર્ડઝ હેડકવાર્ટસના તાબા હેઠળની કચેરીઓ તથા તાલીમ કેન્દ્રો માટે નવા મલ્ટીફંકશન લેસર ફેકસ મશીનો ખરીદવાની વહીવટી મંજુરી આપવા બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૦/૧૫૦૭/ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ– ૯/૦૪/૨૦૧૩.

**વંચાણે લીધાઃ–**

**(૧)** કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુ.રા.,અમદાવાદના પત્ર ક્રમાંકઃકજ/આઈટી/ફેકસ/૮૬/ /૧૩૦ ૩૧/૨૦૧૩.

**ઠરાવ :–**

કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલદરવાજા, અમદાવાદના નિયંત્રણ હેઠળની કચેરીઓ તથા તાલીમ કેન્દ્રો માટે નવા મલ્ટી ફંકશન લેસર ફેકસ મશીનો ખરીદવાની બાબત આમુખ(૧) માં દર્શાવેલ કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની કચેરીની દરખાસ્ત વિચારણા હેઠળ હતી. આ બાબતે પુખ્ત વિચારણાને અંતે કચેરીઓ તથા તાલીમ કેન્દ્રો માટે કુલ ૩૪ નવા મલ્ટી ફંકશન લેસર ફેકસ મશીનો ખરીદ કરવા રુા.૧,૧૮,૦૦૦/- કેન્દ્ર સરકારનો હિસ્સો (૨૫ %) પ્રમાણે (નોન–પ્લાન) સદર તથા રુા.૩,૫૩,૦૦૦/–રાજય સરકારના ૭૫% હિસ્સા પ્રમાણે(પ્લાન) સદરે એમ કુલ રુા.૪,૭૧,૦૦૦/–(અંકે રુપિયા ચાર લાખ ઈકોતેર હજાર પુરા/ ) ની મર્યાદામાં રહીને નીચેની શરતોને આધીન વહીવટી ખર્ચ કરવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ–૨૦૧૩–૧૪ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) DGS&D ના રેટ કોન્ટ્રાકટ મુજબ મલ્ટી ફંકશન લેસર ફેક્સ મશીન ખરીદવાના રહેશે.

૨//. આ અંગેનો થનાર ખર્ચ નીચે જણાવેલ વિગતે ગૃહરક્ષક દળના સદરે સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૦૭૦- અન્ય વહીવટી સેવાઓ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪ | ગૌણસદર | ૧૦૭- ગૃહ રક્ષક દળ |
| ૫ | પેટાસદર | (૦૧) ગૃહ રક્ષક દળ |
| ૬ | ખર્ચનો પ્રકાર | ૭૫ % પ્લાન / ૨૫ % નોન-પ્લાન |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| ૮ | પ્લાન યોજનાનો કોડ | ૧૧૪૫૨૫ |

૩//. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્રસચિવશ્રી નાણાવિભાગની તા.૩/૦૪/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.એસ.પંડયા)**
ઉપસચિવ
ગૃહવિભાગ.

પ્રતિ,
(૧) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,લાલ દરવાજા,અમદાવાદ.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૩) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
(૪) અગ્રસચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૬) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૭) શાખા સિલેકટ ફાઈલ.